# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-01-2025** **Morning : 7.10 to 7.20**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નીકીતા શાહ** વાંચે છે.

---

1) રાજ્યમાં હ્યુમન મેટાન્યૂમોવાઇરસ MPVનો પ્રથમ કેસ નોંધાતા રાજ્ય સરકારે માર્ગદર્શિકા જાહેર કરી

2) મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, રાજ્યની પ્રોક્યોરમેન્ટ પોલિસીમાં BIS પ્રમાણપત્ર ધરાવતી વસ્તુઓની ખરીદીને પ્રાથમિકતા આપવામાં આવી છે

3) વેરાવળ ચોપાટી ખાતે 68 લાખ રૂપિયાનાં ખર્ચે નવો બીચ વિક્સાવવામાં આવશે

4) રાજ્યનાં જીએસટી વિભાગે પાન મસાલા અને તમાકુના ડીલરો પર કાર્યવાહી કરીને 9 કરોડ 22 લાખ રૂપિયાની કરચોરી ઝડપી

5) રાજ્યમાં ઠંડીનો વધુ એક રાઉન્ડ શરૂઃ વિવિધ જિલ્લામાં લઘુતમ તાપમાન એકથી ત્રણ ડિગ્રી ઘટ્યું

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# HMPV VIRUS

રાજ્યમાં હ્યુમન મેટાન્યૂમોવાઇરસ -HMPVનો પ્રથમ કેસ નોંધાતા રાજ્ય સરકારે આ અંગે માર્ગદર્શિકા જાહેર કરી છે. રાજ્યમાં વાઇરસ સંબંધિત કેસનાં નિદાન માટે રાજ્યની જિલ્લા હોસ્પિટલથી માંડીને મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલ ખાતે વ્યવસ્થા ઊભી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી સપ્તાહથી રાજ્યમાં પણ આ વાઇરસનાં કેસોનું નિદાન થઈ શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.

રાજ્યનાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે આ વાયરસ અંગે તકેદારીના પુરતા પગલા લીધા છે.

**(BYTE Rishikesh Patel)**

દરમિયાન, સરકારની માર્ગદર્શિકાનું પાલન કરવા માટે અમદાવાદ વિમાનમથકે પણ ટીમ સાવચેત થઈ ગઈ છે.

આ વાઇરસનાં દર્દીઓ માટે સિવિલ હોસ્પિટલમાં આઇસોલેશન વોર્ડ તૈયાર કરી દેવામાં આવ્યો છે, જેમાં બે અલગ અલગ વિભાગોમાં મળીને કુલ 15 બેડ તૈયાર કરવામાં આવ્યા છે.

દરમિયાન, મ્યુનિસિપલ આરોગ્ય વિભાગને HMPV વાઇરસનાં દર્દીની માહિતી ન આપવા બદલ અમદાવાદની ખાનગી હોસ્પિટલને નોટિસ મોકલીને ખુલાસો માંગવામાં આવ્યો છે.

# C.M. BIS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, રાજ્ય સરકારે ગુણવત્તા અને માનકને મહત્વ આપીને 2024માં તૈયાર કરેલી પ્રોક્યોરમેન્ટ પોલીસીમાં BIS સર્ટીફીકેશન

ધરાવતી વસ્તુઓને ખરીદીને પ્રાથમિકતા આપવામાં આવી છે. ગઈકાલે ભારતીય માનક બ્યુરોનાં 78 માં સ્થાપના દિવસે આયોજિત ક્વોલિટી કોન્કલેવનો મુખ્યમંત્રીએ શુભારંભ કરાવતાં જણાવ્યું કે, આપણા ઉત્પાદનો, સેવાઓ, પ્રોડક્ટસ વિશ્વ બજારમાં સ્પર્ધા કરે તે માટે ભારતીય માનક બ્યુરો મહત્વનું યોગદાન આપે છે.

# National Road Safety Month - 2025

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી અંતર્ગત અમદાવાદની જીએલએસ યુનિવર્સિટી ખાતે માર્ગ સલામતી અને સુરક્ષા અંગે સેમિનાર યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ભારત સરકારનાં રોડ સલામતીનાં સભ્ય અમિત ખત્રીએ ટ્રાફિક સલામતી સંબંધિત મુદ્દાઓને આવરી લઈને યુવાનોને ટ્રાફિકનાં સુચારૂ સંચાલનનાં સહયોગ કરવા અનુરોધ કર્યો છે.

દરમિયાન સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતે સુરતના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ‘રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫’ની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે સુરત હવે ટ્રાફિક નિયમોના પાલનમાં દેશમાં નંબર વન બને તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, શહેરમાં ટ્રાફિક સિગ્નલને આર્ટિફિશિયલ ઇંટેલિજન્સ (AI) સાથે જોડીને ટ્રાફિકને નિયંત્રણ કરવામાં આવશે.

**BYTE : ANUPAMSINH GEHLOT,**

**SURAT POLICE COMMISSIONER**

# Veraval Chopati

વેરાવળ ચોપાટી ખાતે એસ.પી.બંગલો અને કલેક્ટર બંગલો વચ્ચેના કોરિડોરમાં નવો બીચ વિક્સાવવામાં આવશે. જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ ગઇ કાલે અંદાજીત એક કરોડ 34 લાખ રૂપિયાનાં ખર્ચે બે વિકાસકામોનું ખાતમૂહુર્ત કર્યું હતું. આગામી એક મહિનાની અંદર સી.સી.રોડ અને પેવર બ્લોકના કામથી વેરાવળ ચોપાટી ખાતેના રોડનું 68 લાખ રૂપિયાનાં ખર્ચે વિસ્તૃતિકરણ કરી આ રસ્તાનું સૌંદર્યીકરણ કરવામાં આવશે,

જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે, વેરાવળમાં સામાન્ય નાગરિકને બીચનો આનંદ લેવો હોય તો સોમનાથ સુધી જવું પડે છે. તેના બદલે વેરાવળમાં જ બીચનો વિકાસ કરવામાં આવતાં લોકોને આનંદ-પ્રમોદનું એક નવું નજરાણું મળશે.

આ ઉપરાંત શ્રી જાડેજાએ પ્રભાસ પાટણ ખાતે આવેલા ત્રિવેણી સંગમ રોડ પર પેવર બ્લોક અને ટ્રીપ્લાન્ટેશન વર્કના 66 લાખ 28 હજાર રૂપિયાનાં કામનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું.

સોમનાથ ખાતે હિરણ કપિલા અને સરસ્વતી એમ ત્રણ નદીઓના ત્રિવેણી સંગમ પાસે પાર્કિંગની સમસ્યાનો ઉકેલ આવે તે માટે પેવર બ્લોક અને નયનરમ્ય ટ્રી પ્લાન્ટેશનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# GST Tax Evasion

રાજ્યનાં ચીજ વસ્તુ સેવા કર-જીએસટી વિભાગે પાન મસાલા અને તમાકુના ડીલરો પર કાર્યવાહી કરતાં 9 કરોડ 22 લાખ રૂપિયાની કરચોરી મળી આવી છે.

ચોક્કસ ગુપ્તચર માહિતી અને દેખરેખને આધારે GST વિભાગે 2 જાન્યુઆરીનાં રોજ અમદાવાદમાં ચાંગોદર અને S. G. હાઇવે સહિત 10 સ્થળોએ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન રોકડવ્યવહારો દ્વારા બિનહિસાબી વેચાણ, બિનહિસાબી સ્ટોક અને નહીં નોંધાયેલા ડીલર જેવી ઘણી ગેરરીતિઓ શોધી કાઢવામાં આવી હતી.

નોંધાયેલા કરદાતાઓ અને બિન નોંધાયેલ ડીલરોને ત્યાંથી લગભગ નવ કરોડ 22 લાખ રૂપિયાની કરચોરી મળી આવી હતી. આ કરચોરીની રકમ કસુરદારો દ્વારા સ્વીકારીને ચૂકવવામાં આવી છે.

# RAKTDAN SHIBIR

બોટાદ જિલ્લા ડાયમંડ એસોસિએશન દ્વારા ગઇકાલે બોટાદ શહેરમાં આવેલ હીરા બજાર ખાતે 9મી વખત રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું આ રક્તદાન કેમ્પમાં 1011 બોટલ રક્ત એકત્રિત થઈ હતી.

આ રક્તદાન શિબિરમાં 140 મી વખત રક્તનું દાન કરનાર મુકેશભાઈ જોટાણીયાએ સૌને અને ખાસ કરી યુવાનો રક્તદાન માટે આગળ આવવા અનુરોધ કરતા આ મુજબ જણાવ્યું..

**(બાઈટ : મુકેશભાઈ જોટાણીયા**

**140મી વખત રક્તદાન કરનાર)**

આ પ્રસંગે 65 લાખ રૂપિયાના ખર્ચે રેશન કિટો બનાવી જરૂરિયાત મંદ પરિવારોને આપવામાં આવી હતી.

# Weather

સમગ્ર રાજ્યમાં ઠંડીનો વધુ એક રાઉન્ડ શરૂ થયો છે. બર્ફીલા પવનો ફુંકાતા વિવિધ જિલ્લામાં લઘુતમ તાપમાન એકથી ત્રણ ડિગ્રી ઘટ્યું હતું., જેનાં કારણે વહેલી સવારે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે.

આ અંગે પ્રસ્તુત છે એક અહેવાલ.

**(VOICE CAST – ANIL PATEL)**

ઉત્તર ભારતમાં બે દિવસથી હિમવર્ષા શરૂ થતાં તેની અસર રૂપે રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. રાજ્યમાં આવતા પવનની દિશા બદલાતા ઉત્તર-પશ્ચિમથી ઉત્તરનાં પવનો શરૂ થયા છે. ગઈ કાલે 6.4 ડિગ્રી તાપમાન સાથે નલિયા સૌથી ઠુંડુ શહેર રહ્યું હતું. રાજકોટમાં 8.2, અમરેલીમાં 10.6, અમદાવાદમાં 13.5 ડિગ્રી, વડોદરામાં 14.2, સુરતમાં 16.2 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે આગામી દિવસોમાં સૌરાષ્ટ-કચ્છ અને મધ્ય ગુજરાતમાં ઠંડી ચાલુ રહેવાની આગાહી વ્યક્ત કરી છે.

**(અનિલ પટેલ, આકાશવાણી – અમદાવાદ)**

# DUND

બનાસકાંઠા જિલ્લાની કુલ ૧૦ પેઢીઓના વિવિધ ખાદ્ય પદાર્થોના નમૂના ફેલ જતા અદાલત દ્વારા કુલ રૂ.૨૬ લાખનો દંડ કરાયો છે.

આ અંગે અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર પાલનપુરના ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા જાહેર જનતાના આરોગ્યના હિતમાં જિલ્લાની જુદી-જુદી પેઢીઓમાંથી ખાદ્ય પદાર્થો જેવા કે ઘી, માવાના નમુનાઓ લઈને ચકાસણી અર્થે સરકારી લેબોરેટરીમાં મોકલાવેલા હતા.

ફૂડ લેબોરેટરી દ્વારા સદર નમુનાઓ ધારા ધોરણ મુજબ ન હોવાનુ જાહેર થતાં ફુડ સેફ્ટી વિભાગ દ્વારા કોર્ટ સમક્ષ કેસ દાખલ કરાયો હતો. જે તમામ કેસોમાં કોર્ટ દ્વારા સંલગ્ન તમામ જવાબદારોને દંડનીય કાર્યવાહી હાથ ધરાઇ છે. દાખલ કરાયેલ કુલ ૧૦ કેસોમાં કોર્ટ દ્વારા કુલ રૂ.૨૬ લાખનો દંડ કરાયો છે.

# Kutch Passport

કચ્છમાં પાસપોર્ટનાં કામનાં ભારણને ધ્યાનમાં લઈને ગઈ કાલથી ભુજ હેડ પોસ્ટ ઓફિસ ખાતે પાસપોર્ટ ઓફિસ તરફથી વિશેષ પાસપોર્ટ મોબાઈલ વાન મોકલવામાં આવી છે, જે 10 જાન્યુઆરી સુધી કાર્યરત રહેશે.

# KHO – KHO SPARDHA

રાષ્ટ્રીય કક્ષાની ખો ખો સ્પર્ધા માટે રાજકોટની કીશોરીઓની પસંદગી કરાઇ છે.

ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રના કોલ્હાપુર ખાતે ૬૮મી એસ.જી.એફ.આઈ. અંડર ૧૪ ખો - ખો રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં આગામી સમયમાં યોજાશે.

આ સ્પર્ધામાં રાજકોટની જી.કે.ધોળકીયા સ્કૂલની વિદ્યાર્થીની શ્રી ઉર્વશી વંશ, શ્રી દીપિકા વાજા  અને શ્રી શ્રદ્ધા બારિયાની પસંદગી કરાઈ છે.  આ ખેલાડીઓએ પોતાના પ્રતિભાશાળી પ્રદર્શન દ્વારા રાજકોટ તેમજ સૌરાષ્ટ્રનું ગૌરવ વધાર્યું છે તે બદલ  રાજકોટ ખો-ખો એસોસિયેશનના સેક્રેટરી  અને ખો-ખો કોચે  તેમને અભિવાદન પાઠવ્યા છે. .

# LOKARPAN

ખેડા જિલ્લાના વસો ગામ ખાતે શિક્ષણમંત્રી કુબેરભાઈ ડિંડોરની અધ્યક્ષતામાં સરસ્વતી વિદ્યાલય નવીન શાળા લોકાર્પણ કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે શ્રી ડિંડોરે વિદ્યાર્થીઓમાં કેળવણી સિંચન દ્વારા સમુહ જીવનની ભાવના નિર્માણ કરવાની અપીલ કરી હતી. મંત્રીશ્રીએ શાળાના વર્ગખંડોની મુલાકાત લઈ વ્યવસ્થાઓનું નિરિક્ષણ કી જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો હતો.